# જાહેર નીતિના સલાહકાર

જાહેર નીતિ સલાહકાર એક એવા વ્યાવસાયિક છે જે સરકારી અથવા ખાનગી સંસ્થામાં ચોક્કસ ક્ષેત્રમાં નીતિઓના વ્યવહારિક અને કાર્યાત્મક પાસાઓનું વિશ્લેષણ કરે છે. નીતિ સલાહકારો નીતિનિર્માણના કાયદાકીય પાસાઓ પર વિશેષ જ્ઞાન ધરાવે છે. તેઓ વર્તમાન નીતિઓ અંગે સલાહ આપે છે અને સુધારણા અથવા ફેરફાર માટેની તકોને ઓળખે છે. તેઓ સંસ્થાઓમાં સકારાત્મક ફેરફારોને પ્રોત્સાહન આપે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે એક ઉત્તમ સંવાદકર્તા છો
- તમને લોકોની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાનો પ્રયાસ કરવો ગમે છે
- તમે જૂથોમાં સહજ રીતે કામ કરી શકો છો
- તમે સંશોધન અને વિશ્લેષણનો આનંદ માણો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧૨,૦૦૦ થી ૭,૫૬,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- કાયદાના વિદ્યાર્થીઓ માટેની આદિત્ય બિરલા શિષ્યવૃત્તિ અને જી.ઈ.વી. મેમોરિયલ મેરિટ શિષ્યવૃત્તિ ખાસ કરીને કાયદાના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શિષ્યવૃત્તિ છે.
- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે digitalgujarat.gov.in ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, www.vidyalakshmi.co.in, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કાયદો / જાહેર નીતિ અને વહીવટ / રાજકીય વિજ્ઞાન અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતક (LLB/ BA/B.Sc.)ની ડિગ્રી પૂર્ણ કરો. **અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, તે જ ક્ષેત્રમાં અનુસ્નાતક (LLM / MA / MSc)ની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, જાહેર નીતિ અને સુશાસનમાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

સિરામિક્સ/ગ્લાસ ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન રૂ. ૨૪,૦૦૦ થી ૧,૬૫,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Policy_Advisor/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકારી સંસ્થાઓ, ખાનગી પેઢીઓ, સમાજ કલ્યાણ માટેની સમિતિઓ, ઉદ્યોગ ગૃહો તેમજ બિન-સરકારી સંસ્થાઓ વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે સલાહકાર તરીકે અથવા ફ્રીલાન્સર તરીકે કામ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ફર્મ/એજન્સી/કંપનીઓના કાયદા વિભાગમાં કામ કરશો. જો જરૂરી હોય તો તમારે કોર્ટમાં પણ જવું પડી શકે છે, પરંતુ મોટાભાગનો સમય ઓફિસમાં પસાર થાય છે. તમે અઠવાડિયામાં ૪૦ કલાકથી વધુ કામ કરો તેવી શક્યતા છે, જો કે તમારે કામ અને સમયમર્યાદાના આધારે તમારે ઓવરટાઈમ કરવાની પણ જરૂર પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર લીગલ ઓફિસર → લીગલ ઓફિસર → સિનિયર લીગલ ઓફિસર → જી.એમ./એસોસિયેટ વાઈસ પ્રેસિડેન્ટ (કાનૂની બાબતો) → વાઈસ પ્રેસિડેન્ટ/પ્રેસિડેન્ટ (કાનૂની અને કોર્પોરેટ બાબતો)

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કોર્પોરેટ લોયર,, લો ઓફિસર, લીગલ કન્સલટન્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કાયદા વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૨. એ.વી. કોલેજ ઓફ આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ, હૈદરાબાદ
૩. લખનૌ યુનિવર્સિટી
૪. સરોજિની નાયડુ વનિતા મહાવિદ્યાલય, હૈદરાબાદ
૫. ગવર્મેન્ટ આર્ટસ કોલેજ (ઓટોનોમસ), કોઈમ્બતુર
૬. અન્નામલાઈ યુનિવર્સિટી, ચિદમ્બરમ
૭. મહર્ષિદયાનંદ યુનિવર્સિટી, રોહતક
૮. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. બનાસ્થલી વિદ્યાપીઠ, જયપુર
૨. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૩. જ્યોતિનિવાસ પ્રિ-યુનિવર્સિટી કોલેજ, બેંગ્લોર
૪. મેહરચંદ મહાજન દયાનંદ એંગ્લો વૈદિક કોલેજ ફોર વુમન, ચંદીગઢ
૫. સેન્ટ થોમસ કોલેજ, થ્રિસુર
૬. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૭. આર.ટી.એમ.એન.યુ. નાગપુર
૮. શૂલિની યુનિવર્સિટી, હિમાચલ પ્રદેશ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL Swayam - ઉત્પાદન માર્ગદર્શિકા પર અભ્યાસક્રમ onlinecourses.nptel.ac.in/noc23_me44/preview
- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

## સાફલ્ય ગાથા

**પ્રતાપ ભાનુ મહેતા,** સેન્ટર ફોર પોલિસી રિસર્ચના અધ્યક્ષ તેમજ સી.ઈ.ઓ. રહી ચૂક્યા છે. તેઓ ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડ, ભારતના વડાપ્રધાનના રાષ્ટ્રીય જ્ઞાન આયોગ તેમજ ભારતીય મહાવિદ્યાલયોમાં ચૂંટણીઓ અંગેની સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત સમિતિ સહિત કેન્દ્ર સરકારની અનેક સમિતિઓમાં સેવા આપી છે. ડૉ. મહેતાએ ઓક્સફર્ડમાંથી તત્ત્વજ્ઞાન, રાજનીતિ અને અર્થશાસ્ત્રમાં બી.એ (પ્રથમ વર્ગ) અને પ્રિન્સટનમાંથી રાજનીતિમાં પી.એચ.ડી.ની પદવી હાંસલ કરેલ છે. તેમને રાજનીતિ વિજ્ઞાન-સામજિક વિજ્ઞાન માટે વર્ષ ૨૦૧૦માં માલ્કમ એસ. અદિશેશિયા એવોર્ડ તેમજ વર્ષ ૨૦૧૧ ઈન્ફોસિસ પુરસ્કાર પ્રાપ્ત પણ થયો છે.*

સ્ત્રોત:https://cprindia.org/people/pratap-bhanu-mehta/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.